શ્રી.

મોક્ષદાયક નાટકી ભજન સંગ્રહ.

રચનાર

પાઠક જયશંકર મોરારજી

વરીઆવ.

એમ. જે. પોષ્ટવાળાના સુરત 'ખોદાબક્ષ' પ્રેસમાં છાપ્યાં.

સંવત ૧૯૫૧ સને ૧૮૯૪

કિંમત દોઢ આનો.

૫૮૫૯

अर्पण पत्रिका.

મેહેરબાન મુરબ્બી શ્રી બાળસ્નેહી પંડયા પ્રેમશંકર
જયશંકર તથા મુરબ્બી બાળસ્નેહી પાઠક
હરીવલ્લભ લક્ષ્મીરામ માસ્તર.
કઠોદરા.

આપે નાનપણથી મારા ઉપર અગાધ અને અવર્ણનીય સ્નેહ રાખ્યોછે અને હજુ પણ જેવોને તેવોજ સતેજ પ્રેમ રાખોછો તેનો બદલો મારાથી કોઈ રીતે વળી શકે એમ નથી તોપણ મારી અલ્પ બુધ્ધિથી બનાવેલું આ લઘુ પુસ્તક આપની પવિત્ર સેવામાં ઘણીજ ખુશીથી અને નમ્રતાથી અર્પણ કરૂંછું તે કૃપાકરી સ્વિકારવા તસ્દી લેશોજી એવી રંક સેવકની જીજ્ઞાસાછે.

લી. આપનો આ. સે.
પાઠક જયશંકર મોરારજી વરીઆવ.

શ્રી.

મોક્ષદાયક નાટકી ભજન સંગ્રહ.

રાગ ધનાશ્રી.

કૃષ્ણુ ભજનકુ દીયા, કમલ મુખ કૃષ્ણુ ભજનકુ દીયા—ટેક.
ઉત્તમ મનુષ્ય જન્મ તું પાયા, સફળ નહીં કછુ કીયા—કમલ૦
સ્વપ્નવત મૃગજાળ માયામાં, ક્યું તુ વિંટાઈ રીયા—કમલ૦
નર્ક ગત વિષય પાસમાં ઘેરી, ઇંદ્રિએ તુને લીયા—કમલ૦
અસત્યને સત્ય માની લઈ તુજ, રહેછે ખુશીમાં જીયા—કમલ૦
રત્નરૂપી પ્રભુ નામજ ભુલી, સ્ત્રી કાચકુ પ્રિતિ કીયા—કમલ૦
અનિત્ય દેહનો ગર્વ ધરીને, મિથ્યા ફુલાય ગિયા—કમલ૦
ધર્મ નિમમાં કંઇ નવ સમજે, ખાઈને ખુશરે ભીયા—કમલ૦
ભોગ વિલાસમાં મગ્ન રહીને, પ્રભુ સમ જાણે ત્રિયા—કમલ૦
ધર્મ શાસ્ત્ર પ્રભુ જ્ઞાન કથર તે, સુણતાં લાગે ચિયા—કમલ૦
ઢોગ ધંતુરો મઝા મશ્કરી, જોવામાં મન બહુ વીયા—કમલ૦
નાટક ચેટક ભાંડ ભવાઇ, જોવામાં જન્મ ગીયા—કમલ૦
બાજીગરના ખેલની માફક, આખર રડી તું રીયા—કમલ૦
જમ દૂતે તુને ઝાલી કરીને, નર્કમાં નાંખી દીયા—કમલ૦
પછી પસતાવામાં બહુ પડીઓ, ધિક્કાર છે મુજ પ્રિયા—કમલ૦
લખી કહેછે દાશ જેરાંકર, પ્રભુ ભજી થાઓ સુખીયા—કમલ૦

ધન્ય મંગળ—એ રાહ.

સદ સ્ત્રિ પુરૂષો ભાઇ રે, કરો ભજન પ્રભુનું (૨)—ટેક.
ભાંડ ભરાઇ સો નર્ક ગત છે, જાણો ભજન સચ્ચાઇ રે—કરો૰
જન્મ પામ્યા છો ઉત્તમ પોતે, કેમ કરોછો ઠગાઈ રે—કરો૰
લક્ષ ચોર્યાસી યોનિ ફરીને, આવ્યા બધે અથડાઈ રે—કરો૰
અવયવો શુભ આપ્યા તમને, રટવા પ્રભુ પદ ચાહી રે—કરો૰
કર્ણ આપ્યા છે સાંભળવાને, પ્રભુ લીલા સુખદાઈ રે—કરો૰
મુખથી કરવું ગાન પ્રભુનું, એક દિલે રહુ ભાઇ રે—કરો૰
હાથ પગથી મંદીર જઈને, દરશન કરવાં નાઈ રે—કરો૰
નેત્રથી પ્રભુનું ધ્યાન ધરીને, કરો સફળ કમાઇ રે—કરો૰
મોટાઈ એમાં રાખો નહીં કંઈ, તુચ્છ બધી તોછડાઈ રે—કરો૰
નીચના ઊંચ થાય છે એથી, પ્રભુ ભજન સચ્ચાઇ રે—કરો૰
વાલિમક કોળી વ્યાધ હતા તે, પામ્યા યશ પ્રભુતાઈ રે—કરો૰
વિભીષણ ભક્ત ભૂપ હતા તે, પામ્યા અચળ પદ સ્થાંઈ રે—કરો૰
પ્રહ્લાદ પીડા દૂર કરવા, સ્થંભથી પ્રગટ્યા સાંઇ રે—કરો૰
બળી રાજાને પાતાળ ચાંપી, સેવક થઇ રહ્યા સદાઈ રે—કરો૰
એ સૌ રામ પ્રતાપ છે મોટો, કહેછે વેદ ગાઈ ગાઈ રે—કરો૰
ભૂલશે તે નર ગોથાં ખાશે, મૃગજળ માંહી તણાઈ રે—કરો૰
લખી કહે છે દાસ જેશંકર, રાખ પ્રભુ ચર્ણ માંઈ રે—કરો૰

રાગ મલ્હાર.

અકળ સકળ રમત ગમત ત્હારીછે પ્રભુ તારી—ટેક
પલમાં [illegible] જગ કરે ત્યાં, સ્થળ અતિ તું ભારી—અકળ૰
રંક રાય રાય રંક, ઘડીની ગતિ ન્યારી—અકળ૰

શિળ તાપ તાપ શિળ, એ પ્રમાણે ભારી—અકલ૦
દાર આપણુ રંક ઉદાર, એ રિતી મુરારી—અકલ૦
સૂર્ય દેવ ફરીને જાય, ચંદ્રની તૈયારી—અકલ૦
સંસાર સુખ અલ્પ જાણુ, યોગી સૂખ ભારી—અકલ૦
માયા મૂક પ્રભૂ સુખ, જાણુ લગન નારી—અકલ૦
એ પ્રમાણે ગતિ વિચીત્ર, કહેતાં મતિ હારી—અકલ
લખી કહેછે દાસ જેશંકર. રાખ મન વિચારી—અકલ

રાગ ક્ષત્રિકલંક.

પરનાર તણો અભિલાષ, કરો નહીં કોઈ તમે રે
જેથી વેગે થાશે વિનાશ—કરો૦
જુઓ કેટલા થયા છે ખુવાર—કરો૦
કેટલા ગયા જમને દ્વાર—કરો૦
દેવ રૂષી પામ્યા પરિતાપ—કરો૦
એવો કામ પ્રબળ છે આપ—કરો૦
મહા દૂર્જયને છે અજીત—કરો૦
રાખો સત્ય પ્રભુગી પ્રીત—કરો૦
દેવ રૂષીની કહૂંછું વાત—કરો૦
સુણો એક ચિત્ત ધરી ભ્રાત—કરો૦
ઈંદ્રે કર્યો રૂષી ઘર વ્યભીચાર—કરો૦
ભંગ થયો આખો વપુ નિરધાર—કરો૦
ચંદ્રે ભોગવી બ્રહસ્પતિ નાર—કરો૦

જેથી ક્ષય રોગ થયો મહાભાર—કરો૦
રાજા નિરઘોષે કર્યો વિચાર—કરો૦
ઈંદ્રાણિ પરણવાને સાર—કરો૦
જેથી સર્પ થઈ પડયો ભૂહાર—કરો૦
બ્રહ્મા શ્રાપ થકી નિરધાર—કરો૦
પારાસુરે ભોગી મચ્છગંધા નાર—કરો નહીં૦
જેથી નાશ થયો તપાચાર—કરો નહીં૦
કૈયા કચ્ચકની સાંભળો વાત—કરો નહીં૦
મુઆ દ્રોપદિથી સો ભ્રાત—કરો નહીં૦
સિધ્ધરાજે કરી બાર વર્ષ રાડ—કરો નહીં૦
લેવા રાણક રત્ન મહાપાડ—કરો નહીં૦
માર્યા બે પુત્ર મહા બળવાન—કરો નહીં૦
ત્યારે શ્રાપ્યો સતિ ગુણવાન—કરો નહીં૦
પરનારી પાવકની જવાળ—કરો નહીં
કરે ક્ષણમાં સહુ ભસ્માળ—કરો નહિં૦
સર્પ અગ્નિ અને સ્ત્રી વર્ણ—કરો નહીં૦
કરે પલમાં વિઘ્ન કે મર્ણ—કરો નહીં૦
રહો દૂર એથી તમે સુર—કરો નહીં૦
રાખો વૃત્તિ પ્રભૂમાં જરૂર—કરો નહીં૦
લખી કહે છે જેશંકર દાસ—કરો નહીં૦
ભજો પ્રભૂ પ્રભૂ તમે ખાસ—કરો નહીં૦

ગજાનન સ્તુતિ—એ રાહ.

પ્યારે મોરે રામ ભજો સુખદાઈ (૨)—ટેક.

રામ સ્મરણમાં દામ ન બેસે, કહેછે વેદ ગાઈ
કોઈ કાલ કોય માસ છ માસે, જાશે જમથી ઝલાઇ—પ્યારે૦
જન્મ અફળ જશે નહીં તો તમારો, ને રેશો સદા દુઃખદાઈ
દેવને દુર્લભ મનુષ્યા દેહછે, ફરી ન આવે કંઈ ભાઈ—પ્યારે૦
ધર્મ નીમ સહુ કરો ભાઈ પ્રીતે, તો પામશો સ્વર્ગ પદ ભાઇ
ધન દોલત સ્ત્રિ પુત્ર સહુ પ્યારા, મેલી જાશો પલમાંઈ—પ્યારે૦
જેવું વાવશો તેવુંજ લણશો, ભૂલશો નહીં ભોળવાઇ
હરતાં ફરતાં ધંધો કરતાં, રામ ભજો સૂખદાઇ—પ્યારે
અલ્પ મતિથી મારી શિખામણ, લેજો સદા ઉરમાંઈ
જન્મ જેણે આપ્યોછે તેને, ભજવા એક દિલચાઇ—પ્યારે૦
નહીંતો પસ્તાવો પારવિનાનો, થાશે પછીથી ત્યાંઇ
લખીને કહેછે દાસ જેશંકર, રાખ સદા ચરણમાંઈ—પ્યારે૦

વિનતી ધરજો--એરાહ.

જાણો સદા તમે શુધ્ધ, કૃષ્ણજીને જાણો સદા તમે શુદ્ધ—ટેક
શુધ્ધ સર્વત્ર એક અનાદિ, વ્યાપી રહ્યો છે વિબુધ—કૃષ્ણજી૦
કર્તા અકર્તા પોતે એ છે, સ્વયંભૂ જાણો વિશુધ્ધ—કૃષ્ણજી૦
અજરા અમર અજન્મ કહાવે, કોટી બ્રહ્માંડ પ્રબુધ્ધ—કૃષ્ણજી૦
પાપ પુન્ય નહીં લેપન તેને, વર્તે ન કાંઇ વિરૂધ્ધ—કૃષ્ણજી૦
દોષ બુધ્ધિ જે આરોપે તેને, જાણવા પાપી કુબુધ—કૃષ્ણજી૦
વળી પ્રભુ કાર્ય જે કરવા ઇચ્છે, મારે તેને કરી યુધ્ધ—કૃષ્ણજી૦
માટે સદા ઇશ વેદ ભણીને, થાઓ ન ઇંદ્રિમાં લુબ્ધ—કૃષ્ણજી૦
લખી કહેછે દાસ જેશંકર, ભજો સદા સુધ બુધ—કૃષ્ણજી૦

વિનતી ધરજો--એ રાહ.

જાણો સહુ ભગવાન, બ્રાહ્મણોને જાણો સહુ ભગવાન—ટેક
બ્રહ્માના મૂખમાંથી થયાછે, વેદ કરે જેનું ગાન—બ્રા૦
જગત ગુરૂ જગત પિતા જાણીને, કરો સેવા સન્માન—બ્રા૦
બ્રહ્મનિંદા કુલ ક્ષય થઇ જાશો, નર્કમાંહે અવશાન—બ્રા૦
વળી બીજે જન્મે સ્વાન થઇને, ભોગવો પામર સ્થાન—બ્રા૦
ભ્રગુ પતિએ પ્રભુને લાત મારી, તો ચાંપે તેના પદપાન—બ્રા૦
બ્રાહ્મણનો શ્રાપ મિથ્યા ન થાયે, એ જાણો નિદાન—બ્રા૦
મૂર્ખ મૂઢ વિપ્ર હોય તો પણ, ધરવું હમેશાં ધ્યાન—બ્રા૦
અગ્નિ રૂપ બ્રાહ્મણ જાણીને. મૂકીદો સહુ અભિમાન—બ્રા૦
વિપ્ર પ્રભૂનું રૂપજ સદ્ય, વેદ કરેછે વાખ્યાન—બ્રા૦
માટે વિપ્રોને પૂજા સેવાથી, કરો ખુશી પ્રમાન—બ્રા૦
બ્રાહ્મણ ઈશને વાલા ઘણાછે; ધરે નિત્ય પોતે ધ્યાન--બ્રા૦
માટે સદા વિપ્ર સ્તુતિ કરીને, આપો સુવર્ણનું દાન--બ્રા૦
એ તરવાનો રસ્તો સાચો, ભૂલો નહિ નાદાન—બ્રા૦
લખી કહેછે દાસ જેશંકર, પીઓ અમૃત બ્રહ્મ પાન—બ્રા૦

ધન્ય મંગળ-એ રાહ.

સત્યપણું ઘણું સારૂં રે, જગકર્તાને પ્યારૂં (૨)-ટેક
સત્યથી પૃથ્વી ભાર સહે છે, શેષજીનો અવતાર રે—જગ.
સત્યથી સિતા રહી અભિતા, દૂષ્ટ તણે દરબાર રે—જગ.
હરીશ્ચંદ્ર રાજા મહા દુઃખ વેઠી, ચૂકયા ન સત્ય લગાર રે—જગ.
સત્યથી કિર્તી અચળ થઈને, નિત્યે જગતે ગવાય રે--જગ.

માટે મહા દુઃખ આવે તોપણ, ન ચુકવું હુશીઆર રે—જગ.
સત્યથી સૂર્ય ચંદ્ર રહ્યા છે, સ્થંભ વિના આકાશ રે—જગ.
સત્યથી વૃષ્ટી થાય છે જગમાં, ચાલે સહુ વહેવાર રે—જગ.
સમુદ્ર કદીય લજ્જા ન મૂકે, એ સહુ સત્ય આધાર રે—જગ.
સત્યથી ઇશ્વર ભકતની સાથે, આધિન થઈ નમે સારરે—જગ.
સત્યથી મેરૂ મંદ્રાચળ બંને, સ્થિર ઉભા ભૂ સાથ રે—જગ.
માટે જીવાન તમે વ્યર્દ કરીને, થાશો ન જગ ધિક્કારરે—જગ.
ચોરી જારી દુઃખની ભારી, નર્કની છે મહા ખાણ રે—જગ.
માટે હમેશા સત્યપણાથી, ચાલવું કરીને વિચાર રે—જગ.
એવી શિખામણ દાસ જેશંકર, માની થાઓ પ્રિતીકારરે—જગ.

રાગ મ્હાડ.

અતિ કામ દુર્જય ભારી, મનમાં વિચારો, રાણો સદા બ્રહ્મધામ—ટેક

જેણે શિવ બ્રહ્માદિકને ભૂલાવી, ઉતાર્યું અભિમાન
રાવણનું રાજ્યપાઠ ખોઇને, અંતે થયું અવશાન—અતિ૦

ઇંદ્રને અંગે સહસ્ર ભગ થઇ, રહયો મોર શરીર
પછી પ્રાયશ્ચિત કર્યાથી, મટીલોચન થઇ રહયો ધીર—અતિ૦

પરાશર રૂષી પત્ર જળફળ, કરવા વાળા અહાર
તે પણ કામથી અંધબની, મચ્છગંધાથી કર્યો વિહાર—અતિ૦

ભસ્માસુર દૈયે પારવતીને, વરવાનું કર્યું મન
જેથી ઇશ્વરનો કોપ થઈને, તર્ત થયો તે પતન—અતિ૦

કીચક કચકે દ્રોપદી ઊપર, કુદ્રષ્ટી કરી સાર
જેથી પોતે શત ભાઇની સાથે, ગયો જમને દ્વાર—અતિ૦

મહા તપસ્વી શ્રંગીરૂષી, ભોળવાયા કામ સંચ
તપ ધ્યાન સહુ નાશ થઈને, જાણ્યો માયા પ્રપંચ—અતિ૦

એ વિના કેટલા ગણાવું, બુદ્ધિ હું અજ્ઞાન
માટે પ્રભુનું ભજન કરીને, ઇંદ્રિય રાખો ભાન—અતિ૦

ઇંદ્રિય જીતી તેણે સર્વ જીત્યું, સ્વર્ગ મૃત્યુ તમામ
ઉભય લોકે જયપામીને, વળતી, જાશે પ્રભુને ધામ—અતિ૦

લખી કહે છે દાસ જેશંકર, સ્વયંભૂ શિવનાથ
પરમદારૂણ દુઃખમાયામાંથી, ઝાલો મારો હાથ—અતિ૦

કરૂં વિનતિ—એ રાહ.

રામચંદ્ર ભજો સહુ, મહા પ્રતાપિ ચિત્ત
જેથી ભવસાગર તરી, સેજમાં થાશો પૂનિત—ટેક

એવો મહિમા જેનો, ગાયછે વેદ પૂરાણ
તેનાં કહૂંછું સંક્ષેપે, એક બે હું એંધાણ—૨

સુબાહુ તાડિકાને મારી, પ્રથમ ગતિ આપી
વિપ્ર પાસે યજ્ઞ કરાવીને, દુઃખ ગતિ કાપી—૩

વળી ચર્ણ રજથી, શલ્યાની અહલ્યા કીધી
મુની ગૌતમને પછી, તર્ત ત્યાં આજ્ઞા દીધી—૪

વળી વાળીને મારી, તારાના પૂર્યા કોડ
સુગ્રીવને રાજ્ય આપી, સ્ત્રિઓની કીધી જોડ—૫

એવા દિન દયાળુ, ભકત વત્સળ ભગવાન
જેનું નામ લીધાથી, પાતિક થાય નાશવાન—૬

માટે ભજો સહુ એક, રાખીને દ્રઢ વિશ્વાસ
રંક સેવક જેશંકર, લખી કરેછે પ્રકાશ—૭

એવીરે રંભા જાણી-એ રાહ.

ઓ મનુવા જીંદગી એળે તેં ખોઈ—ટેક-(બે વાર)

રામ નામ ભજ્યા નહીં પ્રાણી, જીવતા મુવા જાણો,
નાહક પૃથ્વી ભારે મારી મનમાં એમ પ્રમાણો—ઓ૦ મનુવા૦
પ્રભુની સ્તુતિ કરી તું આવ્યો, ઉદરથકી તો બહાર
જન્મ્યા પછી તું સુખમાં પડીને, ભૂલ્યે ઈશ ગમાર—ઓ૦
માયિકને આ મિથ્યા વસ્તુ, નાંહી તણાયો જાય
જેમ મૃગજળ પિવા દોડે પક્ષિઓ. ત્યાં જઈને અફળાય—ઓ૦
મારૂં મારૂં કરીને ફૂલે, મત્સર સમ મૂર્ખાજ
વરગાણીમાં વાંકો ચાલી, કરે મહા પતરાજ—ઓ૦
નોળી ફાંસી પાપ રૂપનો, કરે મહા અંબાર
વેશ્યા સાથે પ્રિત કરીને, ફરે જેમ મંજાર—ઓ૦
ધન રળવાને દોડે વહેલો, દહાડી રાખી ચિત્ત
ધર્મ નીમમાં કશું ન સમજે, જાણે આંધળો ભિત્ત—ઓ૦
ખર્ચે વરા કરીને મોટા, થાય ન્યાતમાં શેઠ
સાધુ સંતને લાત મારીને, જાણે સૌને હેઠ—ઓ૦
પરમારથ કરતાં તો જાણે, ગૌ હત્યાનું પાપ
દયા નહીં દિલમાં જરાએ, સ્ત્રિ જાણે મા બાપ—ઓ૦
ધર્મ શાસ્ત્રની કથા સુણતાં, વાગે શસ્ત્રના ઘાવ
પંડિતાપર ચાડી ચૂગલી, કરી રાજી બહુ થાય—ઓ૦
ગુરૂ પિતા ગો બ્રાહ્મણ સેવા, સ્વપ્ન વિષે નવ વાત
એવા જીવ અજ્ઞાની કહાવે, માયાના સાક્ષાત—ઓ૦
લખી કહેછે દાસ જેશંકર, માયાથી રહો દુર
ધર્મ નીમમાં વૃત્તિ રાખી, ભજો પ્રભુને શુર—ઓ૦

રાગ મ્હાડ.

સ્ત્રિઓ તમે સાચું જાણો, પતિ પ્રમાણો, પ્રભુ રૂપ સાક્ષાત-ટેક (૨)

પેહેલા પતિ પછી દેવની સેવા, કરવી આનંદભેર,
તો તે સતિની રૂડી કિર્તી થઇ, દેવ કરે ઘણી મેહેર—સ્ત્રિઓ૦
જુઓ સતિ સ્ત્રિ સિતાજીએ કેવી પાળી ટેક,
અતિ સંકટ દુઃખ વેઠીને પણ, મળી રામને વિશેક—સ્ત્રિઓ૦
દમયંતિ વળી નળની રાણી, વનમાં રખડી છેક,
દ્રોપદ્રીની પણ લજ્જા લેતાં, રાખી પ્રભુએ ટેક—સ્ત્રિઓ૦
રાણકદેવી ખેંગાર સતિ, શાબાશ એનું સત્ય,
એ પુત્ર બળીદાન કરીને, રાખ્યું પોતે પતિવ્રત્ય—સ્ત્રિઓ૦
નિમતિ જગદેવની રાણી, ધન્ય છે એની બુધ,
દુષ્ટ કામીને કતલ કરીને, રાખ્યું છે નામ વિશુધ—સ્ત્રિઓ૦
એ રીતે કેટલી ગણાવું, સતિઓની રૂડી ખ્યાત,
અદ્યાપિ નિરમળ કિર્તી જેની, ગવાય જગ વિખ્યાત—સ્ત્રિઓ૦
જેણે પતિની સેવા ન કરી, તેને છે ધિક્કાર,
તેણે લજ્જાવી કુખ માતાની, જાણો એ નિરધાર—સ્ત્રિઓ૦
ઇંદ્રસમ અન્ય પુરૂષ સાથે, ન કરો કપટી વાત,
કોટી જન્મ દુઃખ ભોગવશો, વળી નર્કે પડી અઘાત—સ્ત્રિઓ૦
અમૂલ્ય શિયળવ્રત સાચવવા, રાખો મનમાં પ્રીત,
ઇંદ્રીઓને તમે તાબે રાખી, થાઓ ન આંધળા ભીત—સ્ત્રીઓ૦
પતિના સુખ દુઃખમાં ભાગી, થઈ રહેવું ધીર,
પ્રાણ જતાં પણ સત્ય ન ચુકી, ઝળકાવો ઝવાહીર—સ્ત્રીઓ૦
લખી કહેછે દાસ જેશંકર, પતિને સેવો નિત,
જેથી સુખ પામીને વળતી, થાશે પ્રભુની પ્રિત—સ્ત્રિઓ૦

ગજાનન સ્તુતિ એ રાહ.

જાતિ સ્વભાવ ન જાયે, પ્રાણીનો જાતિ સ્વભાવ ન જાયે
વળી શિખ દેતાં ઉલટી પોતાની, આબરૂની હાની થાયે—પ્રા૦
સર્પ શર્કરા દૂધ પાઇને, કરીએ કોટી ઉપાયે
તોપણ ઝેર તે નાશ ન થાયે, નિશ્ચે મૃત્યુ પમાયે—પ્રા૦
વાઘ સિંહ વરૂ પાસે જતાં તે. તરતજ ખાવા ધાયે
તેમજ શઠ મૂરખ અજ્ઞાની, નિંદ્યાકરી ખુશ થાયે—પ્રા૦
સમુદ્ર લજ્જા મૂકે નહીં કદી, કાષ્ટ નીરે ન ડુબાયે
ચંદ્ર શિતળતા અગ્નિની જ્વાળા, તરત પ્રગટ તે થાયે—પ્રા૦
કંજુસ,દાર પાપીને ધર્મી, સૌ સૌના ગુણ ગાયે
પોતા જેવા કરવા બીજાને, દિલમાં રોજજ ચાયે—પ્રા૦
નીચ ઊંચ વિદ્વાન પરિક્ષા, બોલમાંથી થઈ જાયે
અર્ધ ઘડો છલકાઇને મિથ્યા શ્વાનની પેઠે ફૂલાયે—પ્રા૦
કાગ હંસનું ડોળ ઘાલીને, બેસે હંસની સભાયે
પણ ક્ષિરંજળ જૂદાં કરે ત્યારે, સઘ પરિક્ષા થાયે—પ્રા૦
જારણી સ્ત્રિ પર પૂરૂષની સાથે, પ્રિત કરી મલકાયે
આખર વૃદ્ધ થયે પસ્તી મનમાં, પાપની ઉઠેજ લાયે—પ્રા૦
પાપી પૂરૂષો ધન સંચીત કરી, દાટે ભોંયની માંયે
ન ખરચે ન દાન કરે કંઇ, આખર ધુળ થઈ જાયે—પ્રા૦
લખી કહે છે દાસ જેશંકર, પ્રાણ પ્રકૃતિ કથાયે
સાંભળી સર્વે મૂકીને ગર્વે, ભજો શ્રી વૈકુંઠ રાયે—પ્રા૦

મારા ભાગ્યતણો—એ રાહ.

ધન્ય પરમાર્થ કરનાર પૂરૂષ, જાણો દેવના અંશ—ટેક (૧)

કર્ણ મળી ગજાને અર્જુન, કેવી પાળી ટેક
પ્રભુનું માગ્યું અર્પણ કરીને, રાખી હામ વિશેક--ધન્ય૦

ધર્મથી આ કાયા શોભે, ચાલે સહુ સંસાર
પાપ કર્મથી મુકત થઈને, જાય સ્વર્ગ મોઝાર—ધન્ય૦

આ યુગનું મહાત્મ મોટું, જાણો સર્વે જંન
એકગણું જો પુન્ય કરે તો, પામે શત ઘણું ધંન—ધન્ય૦

મનુષ્યા દેહ એ માટે ઉત્તમ, ધર્મથકી નિરધાર
પ્રભુ ભજન કરી ભાવે પ્રાણી, થાય સદ્‌ગતિ સાર—ધન્ય૦

માટે બ્રાહ્મણ સંત દેખીને, કરો દિલ ઉદાર
ધન તન મનથી સેવા કરીને, કષ્ટ કાપો નિરધાર—ધન્ય૦

કલ્પ સૂધી જીવ્યો જે પ્રાણી, ધર્મ વિના સંસાર
તો તેનુ જીવ્યું તે જાણો, ગર્ધવ ઉપર ભાર—ધન્ય૦

લખી કહેછે દાસ જેશંકર, ધર્મને સેવો નિત
ધર્મ વિનાની વાણી સઘળી, જાણો મિથ્યા ભિત—ધન્ય૦

રાગ દીંડા.

ડરો નહીં તમે, દુઃખથી કોઇવાર
રાખો મનમાં સદા, પ્રભુજીથી પ્યાર—૧.

સુખ દુઃખ એ ચક્ર, કાળના તમે જાણો
પૂર્વ કર્મની રીતી, અનાદિથી પ્રમાણો—૨.

હર હમેશ આવે, સુખ દુઃખ સહેતુ
જેમ નદીનું વારી, આવે જાય વહેતું—૩.

માટે સુખ મળે, અભિમાની કદી નવ થાવું
દુઃખ પડે ત્યારે, દીલગીર કદી ન જણાવું—૪.

જુઓ રાય હરિશ્ચંદ્ર, તેની તારામતિ રાણી
પુત્ર રોહિદાસ પણ, વેચાયા સત્યની વાણી—૫.

રાજ્યપાટ છોડીને, વેઠયું અતિ અતિ દુઃખ
જેથી શ્રી પ્રભુએ તેને, આપ્યું અવિચળ સુખ—૬.

નળરાજા અને, તેની દમયંતિ રાણી
વસ્ત્ર અન્નની સાથે, ન મળ્યું જરા પાણી—૭.

બળી રાજાને પણ, સત્યથી ધ્વંસ કીધો
વળી વામનરૂપે, પાતાળે ચાંપી દીધો—૮.

પછી પ્રસન્ન થઇને, આપ્યું અભે વરદાન
ચાતુર્માસ રહે ત્યાં, હમેશ સેવા નિદાન—૯

માટે રહો હમેશાં, સુખ દુઃખે સમાન
કહે દાસ જેશંકર, ભજો એક ભગવાન—૧૦

મંગળાચરણ—એ રાહ.

વિઘ્ન વિદારી, શ્રી ગજાનન તુય,
સર્વ મંગળ કાર્ય, કરજેજ હુંય—૧.
સિદ્ધિ બુદ્ધિ નારી, તુજછે પવિત્ર
મોદિક મુષક વાહન, પર્મ પ્રિય મિત્ર—૨.
સિવજીના જેવા, પિતા શિરછત્ર
શુભ અશુભ કર્મમાં, પધારો તત્ર—૩
રંક સેવક હુંછું, આપનો અજાણ
સ્હાય થાઓ પ્રભુ, ગુણમાં પ્રમાણ—૪
સ્તુતિ કરી અલ્પ, માની લેજે આપ
દાસ જેશંકરને, સ્વ કરી તું થાપ—૫

સમાપ્ત

માસિક અંજુમ ચોપાન્યું લવાજમ વરસે રૂ૦ા

માસિક "ઓદાબક્ષ" લવાજમ વરસે રૂ૦ાા

આ માસિકોમાં વાર્તાઓ, નસિયત, નિબંધ, નાટકો, ગાયણો, રમુજી ટુચકાઓ, વધદક વિષયો, તથા તરેહવાર જ્ઞાન સાથ ગમત આપે એવા સંશકૃત શ્લોકોના ગુજરાતી **અરથ** સાથે સમજાવવામાં આવે છે. તે ઉપ્રાંત ફુરસદને વખત ગમત પડે એવી ઇનામની બાજીઓ મુકવામાં આવે છે.

કોઇબી ગ્રહસ્થને નમુનાનો અંક **અરધા આના વાલી ટીકીટ** આવેથી ખાતરી માટે મોકલશું.

જાહેર ખબરનો ભાવ—જાથુક માટે દરમાસની એક લાઇનનો **એક આનો**, હેન્ડબીલ વેંહચામની રૂા. ૧)

આર્યાજ્ઞાન નાટક ૪ અંકી.

જેની અંદર કુળાંધ બની બાલવયમાં લગન કરેલા અને તેજ વયમાં વૈધવ્યને પ્રાપ્ત થએલી એક અબળાએ પુનર વીવાહ પોતાની તરૂણાવસ્થામાં કરયો તેથી તેને તથા તેના પુરન વિવાહિત પતીને વેઠવા પડેલાં દુઃખ દર્શાવી પાછલથી તેનો જય થએલ દરશાવયો છે રૂ૧) પોસ્ટેજ=

ધોબીના કપડા લખવાની ચોપડી ૨ આના, ઘર ખરચની ચોપડી ૨ આના, ખ્યાલ સંગ્રહ ૮આના, રમુજી વારતા સં-ગ્રહ ૪ આના, ટુચકા સંગ્રહ ૪ આના, બીજો ભાગ ૮ આના.

એમ. જે. પોસ્ટવાલા—સુરત.